**૫૦ બાળકોની ટોચ મર્યાદામાં કર્મયોગી ભવન ખાતે ૧ સ્વૈચ્છિક ઘોડિયાઘર શરૂ કરવા અંગેની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૦.૧૨ કરોડ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3398/CHH Section

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૩/૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/CNF/e-file/226/2023/2250/Children Protection Branch. તા.૦૭/૧૧/૨૦૨૩.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક: File No: DSD/NIT/e-file/226/2023/2270/Planning Branch. તા.૧૫/૦૨/૨૦૨૪.

**આમુખ :-**

ગ્રાન્ટ ઇન એઇડ કોડ નિયમ સંગ્રહ-૭૩ માં સરકારી સંકુલમાં/ સરકારી - અર્ધ સરકારી કચેરીઓના વિભાગમાં/ સરકાર પ્રેરિત જાહેર સાહસો કે પ્રતિષ્ઠાનોની કચેરીમાં બોર્ડ / કોર્પોરેશન નિગમની કચેરીના સંકુલમાં સંબંધિત કચેરીમાં નોકરી કરતી કર્મચારી બહેનોના બાળકોની સંભાળ માટે શિશુ કેન્દ્રો શરૂ કરવા માટેની જોગવાઇ છે. તાજેતરમાં સરકારી કચેરી/સંસ્થામાં નોકરી કરતી મહિલાઓની સંખ્યા વધી રહી છે. સાથો સાથ નોકરી/વ્યવસાય અર્થે સંયુક્ત કુટુંબ તૂટી વિભક્ત કુટુંબ બની રહ્યા છે. આ સંજોગોમાં વ્યવસાય/નોકરી કરતી મહિલાઓના બાળકોને સલામત સ્થળે સાચવવા સરકાર દ્વારા માન્ય ઘોડિયાઘર ઉભા કરવા જરૂરી બન્યા છે.

૫૦ બાળકોની ટોચ મર્યાદામાં કર્મયોગી ભવન ખાતે ૧ સ્વૈચ્છિક ઘોડિયાઘર શરૂ કરવા અંગેની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે**રૂ.૦.૧૨ કરોડ ખર્ચ** કરવા વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરેલ દરખાસ્તને નાણા વિભાગ દ્વારા સૈધ્ધાંતિક મંજુરી મળતા વંચાણે લીધા ક્રમાંક (૨) થી પ્રસ્તુત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ય વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) થી કરવામાં આવેલ દરખાસ્તને અનુસંધાને ૫૦ બાળકોની ટોચ મર્યાદામાં કર્મયોગી ભવન ખાતે ૧ સ્વૈચ્છિક ઘોડિયાઘર શરૂ કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે **રૂ.૦.૧૨ કરોડ ખર્ચ** કરવાની નીચે મુજબની વિગતે અને શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**૫૦ બાળકોની ટોચમર્યાદાવાળા ૦૧ સ્વૈચ્છિક ઘોડિયાઘર (શિશુ સંભાળ કેન્દ્ર) માટે કર્મચારી ગણ નીચે મુજબનું રહેશે.**

| **ક્રમ** | **કર્મચારી ગણનો હોદ્દો** | **મહેકમની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ઓર્ગેનાઇઝર (આઉટ સોર્સથી) | ૦૧ |
| ૨ | આયા (આઉટ સોર્સથી) | ૦૫ |
| ૩ | સ્વીપર (આઉટ સોર્સથી) | ૦૧ |
| **કુલ** | | **૦૭** |

**શરતો:-**

(૧) ઓર્ગેનાઇઝરની સેવાઓ માસિક રૂ.૨૦,૦૦૦/- ફિક્સ વેતનથી (અન્ય ચાર્જિસ સિવાય) સરકાર માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની રહેશે.

(૨) આયા અને સ્વીપરની સેવાઓ સરકાર માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની રહેશે. અને લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

(૩) આઉટસોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૪) આઉટસોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) આઉટસોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીગથી કરાવવાની રહેશે.

(૭) કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.

(૮) એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત કચેરીએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.

(૯) મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા આ વિભાગના પરામર્શમાં નિયત કરી  તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

(૧૦) આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૧૧) આઉટસોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો તેમજ આ ઠરાવની તમામ શરતોનું નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

માંગણી નં. ૯૨ પ્લાન

૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨ - સમાજ કલ્યાણ

૧૦૨ - બાળ કલ્યાણ

૦૧ SSW ૦૨ બાળ કલ્યાણ

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-Mar-2024 (12:18 PM)

(દ્રષ્ટિ શાહ)

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- મહાલેખાકારશ્રી, ગુજરાત. અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ- વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.